સુવિચાર : અડગ મનનો માનવી જ કોલંબસ બની શકે... પહેલ તો એકલાએ જ કરવાની છે, પછી એ કાફલામાં લોકો જોડાતાં જશો - સુરેશ દલાલ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૯૬ | ૧૫ જૂન, ૨૦૧૫, સોમવાર ; જેઠ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



લલિત મોદીને સહાય કરવાના મુદ્દે સુષ્મા સ્વરાજ વિવાદમાં Page-6

# જિલ્લામાં પહેલીથી ગ્રામસભા અભિયાન

## જિલ્લા-તાલુકા પંચાયતોની ચૂંટણી પૂર્વે આ અભિયાન માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ

**પાંચ વર્ષના ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓની યાદી ગ્રામસભામાં રજુ થશે**

ગાંધીનગર, તા. ૧૪

આગામી ૧લી જુલાઈથી જિલ્લામાં ગ્રામસભા અભિયાન હાથ ધરવામાં આવશે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પહેલાં આ ગ્રામસભા અભિયાનનું મહત્વ રાજકીય નિરીક્ષકો અતિ મહત્વનું લેખાવી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં ગ્રામસભા અભિયાનમાં રજુ થયેલા ૯૦૦ જેટલા પ્રશ્નો હજુ વણ ઉકલ્યા રહ્યા છે. પંચાયત વિભાગ દ્વારા ગ્રામસભા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે.

ગ્રામસભા અભિયાન ચાર તબક્કામાં યોજાય છે જેમાં બે તબક્કા ગ્રામ વિકાસ વિભાગ અને બે તબક્કા પંચાયત વિભાગ દ્વારા યોજવામાં આવે છે. તંત્ર દ્વારા આ અભિયાનને લઈ તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

જિલ્લામાં ગ્રામસભા અભિયાનનું આયોજન આ સપ્તાહમાં તૈયાર થઈ જતાં તે અભિયાનમાં જોડાવા માટે ધારાસભ્યો, સાંસદો તેમજ પંચાયતના સભ્યોને કાગળ લખી આયોજન મોકલી આપવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આ વખતે ગ્રામસભા અભિયાનમાં

● અનુસંધાન પાન-૭ પર

# પાટનગરના જિલ્લાને જ જિલ્લા સિવિલ નથી !

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લો પાટનગરનો જિલ્લો હોવા છતાં જિલ્લાકક્ષાની સિવિલ હોસ્પિટલ નથી. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પાસે આ દરજ્જો હતો પરંતુ મેડીકલ કોલેજ બનતાં સિવિલ હોસ્પિટલ હવે મેડીકલ કોલેજ હસ્તક મુકી દેવામાં આવી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલનું નવું સંકુલ પણ મેડીકલ કોલેજ દ્વારા નવેસરથી તૈયાર કરવામાં આવી રહ્યું છે અને આ માસના અંત સુધીમાં તેનો કબ્જો સંભાળી લીધા બાદ થ્રી ટાયર સારવાર પ્રથાનો અમલ પણ શરૂ થઈ જશે.

ગાંધીનગરની જિલ્લા કક્ષાની સિવિલ હોસ્પિટલનું નવું કેમ્પસ ક્યાં બનાવવું તેની મથામણ ચાલી રહી છે.

**ગાંધીનગર સિવિલ મેડીકલ કોલેજ હસ્તક મુકાઈ : માણસામાં સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલની વાત અધુરી રહી; આર.એમ.ઓ. કે સિવિલ સર્જન પણ મુકવામાં આવ્યા નથી**

જો કે સ્થળ પસંદગીને લઈ સમગ્ર મામલો ગુંચવાયો છે.

સરકારે માણસાને સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલનો દરજ્જો આપ્યો અને ૧૦૦ પથારીની સુવિધા ઉભી કરવામાં આવી રહી છે પરંતુ આ માણસા હજુ બ્લોક લેવલ કેન્દ્રથી સેવાઓ આગળ વધારાઈ નથી. અહિ આર.એમ.ઓ. સિવિલ સર્જન જેવી જગ્યાઓ પણ ઉભી કરવામાં આવી નથી.

ગાંધીનગરમાં હાલ સિવિલ સુપ્રિટેન્ડન્ટ જ સી.ડી.એમ.ઓ.ની ફરજો બજાવી રહ્યા છે. તો બીજી તરફ વહીવટીય મુશ્કેલીઓ સરકારની પણ છે.

આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં જ સરકાર અન્ય ૨૦૦ પથારીની સુવિધા ધરાવતી હોસ્પિટલ બનાવવાની બાબત ગંભીરતાથી વિચારી રહી છે.

ગાંધીનગર જિલ્લામાં જ આ સ્થિતિ છે ત્યારે રાજ્યના અન્ય જિલ્લાઓમાં શું સ્થિતિ હશે તેની માત્ર કલ્પના જ કરવી રહી. હવે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસ સંપૂર્ણ પણે મેડીકલ કોલેજ હસ્તક મુકાઈ ગયેલ છે. આ હોસ્પિટલના ડોક્ટરોને પણ આસિ. પ્રોફેસિર, પ્રોફેસર જેવા હોદ્દાઓ પર સમાવી લેવામાં આવ્યા છે.

આરોગ્યતંત્ર દ્વારા નવી જિલ્લાકક્ષાની હોસ્પિટલને લઈ આગામી દિવસોમાં ઝડપથી નિર્ણય લેવામાં આવશે તેમ જાણવા મળેલ છે.



જાંબુ - ગ્રીષ્મની વિદાય અને વર્ષાનું આગમનનો કોમ્બો જાંબુમાં અભિવ્યક્ત થાય છે... આજકાલ શહેરમાં જાંબુ ઠેર ઠેર જોવા મળે છે... આયુર્વેદિક શાસ્ત્રમાં જાંબુનો મહિમા ઘણો વર્ણવાયો છે... ખાટો-મીઠો સ્વાદ અને અનોખો રંગ ધરાવતું જાંબુ જનજીવનમાં પ્રિય છે... માત્ર ૧૦-૧૫ દિવસની જાંબુની મોસમ આજકાલ છલકાઈ રહી છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# જિલ્લા-તાલુકા પંચાયતના નવા સીમાંકનને પગલે ગરમાવો

**પંચ સમક્ષ વાંધા-મુદ્દાઓ રજુ કરાયા : સૌથી વધુ માણસા અને કલોલ તાલુકા પંચાયતના વાંધા રજુ થયા, રોટેશન તેમજ ભૌગોલિક સંતુલન અને સામાજિક સંતુલન નહિ જળવાતું હોવા સહિતના વાંધા મુદ્દા રજુ કરાયા**

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લા પંચાયત તેમજ ચારેય તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીને લઈ નવા સીમાંકન અંગેના ચૂંટણી પંચે જારી કરેલા આદેશ પછી જિલ્લામાં રાજકીય પ્રવૃત્તિની ચહલ પહલ વધી જવા પામી છે. આ પ્રાથમિક આદેશને પગલે વાંધા સૂચનો પણ પંચને મોટી સંખ્યામાં મોકલી આપવામાં આવ્યા છે.

જિલ્લામાં સૌથી વધુ વાંધા સૂચનો તાલુકા પંચાયતના સીમાંકનને લઈ માણસા તાલુકામાંથી આ પછી કલોલ તાલુકામાંથી તંત્રને તેમજ પંચને મળ્યા છે. જિલ્લા પંચાયતના સિમાંકનને લઈ પણ એક ડઝનથી વધુ વાંધા પંચ સમક્ષ રજુ થવા પામ્યા છે.

જિલ્લામાં પંચાયતની ચૂંટણીમાં રોટેશનના મુદ્દે તેમજ સીમાંકનમાં ભૌગોલિક સંતુલન નહિ જળવાયાના મુદ્દે બહુ જ વાંધાઓ રજુ થયા છે.

આ ઉપરાંત મહિલા અનામત ૫૦ ટકાનો અમલ થતાં પણ રાજકીય પ્રવૃત્તિમાં ભારે સળવળાટ જોવા મળી રહ્યો છે. બંને પક્ષોમાં આ મુદ્દે ભારે ખેંચતાણ ચાલી રહી છે. મહિલા અનામતમાં જે બેઠક પર ૫૦ ટકાથી વધુ મહિલા મતદારો થતી હોય તેવી બેઠકોને બદલે આડેધડ મહિલા અનામત કરાઈ હોવાની લાગણી આગેવાનો વ્યકત કરી રહ્યા છે.

જિલ્લા પંચાયતની કેટલીક બેઠકોમાં પ્રચાર કરવા માટે એક બેઠક ક્રોસ કરીને જવું પડે તેવી સ્થિતિ પણ બની છે તો તાલુકા પંચાયતોના સીમાંકનમાં પણ આડેધડ ગામડાઓ જોડી બેઠકો બનાવાઈ હોવાની વાતોએ જોર પકડયું છે.

જિલ્લા પંચાયતની ચાર બેઠકોમાં તો માત્ર તાલુકા પંચાયતની ત્રણ ત્રણ બેઠકો સમાવવામાં આવતા પણ રાજકીય આગેવાનોની ચર્ચાનો મુદ્દો બન્યો છે એટલું જ નહિ આ મુદ્દે પંચમાં અલગથી રજુઆતો કરવાની વિચારણા પણ ચાલી રહી હોવાનું આગેવાનોના નિકટવર્તી સૂત્રોએ જણાવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર



જળ એ જ જીવન - આપણે જળ બચાવીએ, જળ આપણને બચાવશે... આજકાલ શહેરી વિસ્તારમાં પાણીનો બગાડ અનેક રીતે આપણી આસપાસ થઈ રહ્યો છે... પાણી આપણી ભાગ્યરેખા છે... આજ અને આવતીકાલને વધુ સમૃદ્ધ બનાવવી હશે તો પાણી બચાવવું જ પડશે... સરકાર અને સંસ્થાઓ અનેક અભિયાનો દ્વારા પાણી બચાવવાના જનજાગૃતિના પ્રયાસો કરે છે, છતાં પણ આવા દૃશ્યો ઠેર ઠેર જોવા મળે છે એ શરમજનક છે... શિક્ષિત સમાજમાં ગંભીરતાથી પાણી બચાવવાના સંદેશને ઝીલાતો નથી એ કમનસીબી છે... હજુ પણ મોડું થાય એ પહેલા પ્રત્યેક નાગરિક ગંભીર બની પાણી બચાવવાના અભિયાનને સાર્થક કરે એવી અભિલાષા સ્વાભાવિક છે... ગાંધીનગરમાં આંગણાના બગીચાઓમાં પાણી પીવડાવવાના બ્હાને નળ ખુલ્લા રાખે છે... પરિણામે સેંકડો પરિવારો પાણીની સમસ્યા ભોગવે છે... જેટલો પાણીનો બગાડ થશે એટલું જ ભવિષ્યમાં સમસ્યાઓ નિર્માણ થશે... દેશના અનેક ભાગોમાં અને આપણા રાજ્યના કેટલાય વિસ્તારોમાં પીવાના પાણી માટે દૂર-દૂર જવું પડે છે... આ સ્થિતિ ટાળવા સૌની સહિયારી સમજ અનિવાર્ય છે.... (તસવીર : કશ્યપ નિમાવત)

# અમદાવાદમાં સાંજે પવન સાથે વરસાદ

## વિજય ચાર રસ્તા, નવરંગપુરા અને નારણપુરા સહિતના શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદથી તાપમાન ઘટ્યું : રજા હોવાથી લોકોએ વરસાદની મજા માણી

અમદાવાદ,તા. ૧૪

અમદાવાદ શહેરમાં આજે અનેક વિસ્તારમાં વરસાદી ઝાપટાથી વાતાવરણમાં સાંજે ઠંડક પ્રસરી ગઈ હતી. અમદાવાદમાં હાલમાં વરસાદી માહોલ વચ્ચે ગાજવીજ સાથે વરસાદી ઝાપટાની શરૂઆત થઈ ચુકી છે. શુક્રવારના દિવસે પણ ઘણા વિસ્તારમાં વરસાદ પડ્યા બાદ આજે સાંજે પવન સાથે અમદાવાદમાં વરસાદ થયો હતો જેથી લોકોએ વરસાદની મજા માણી હતી. રવિવાર હોવાથી લોકોની રજા હતી જેથી વરસાદી માહોલની મજા માણવામાં આવી હતી. લોકો ફરવા માટે બહાર નિકળ્યા હતા. આજે ટુંકા વિરામ બાદ સાંજે શહેરના વિજય ચાર રસ્તા, નવરંગપુરા, નારણપુરા, સોલા, ગુરુકુળ, ડ્રાઈવઈન રોડ સહિતના વિસ્તારોમાં વરસાદ થયો હતો. અલબત્ત તાપમાનમાં પહેલાથી જ ઘટાડો થયો છે પરંતુ વરસાદથી વધુ તાપમાનમાં ઘટાડો થયો હતો. અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં ગાજવીજ સાથે વરસાદી ઝાપટા પડી શકે છે. વાદળછાયુ વાતાવરણ આંશિકરીતે રહેશે. દક્ષિણ પશ્ચિમ મોનસુન ગુજરાત રાજ્યના અન્ય કેટલાક ભાગોમાં આગેકૂચ કરી ગયું છે. દક્ષિણ ગુજરાતમાં અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ થયો છે તેની સાથે સાથે અમદાવાદના વિવિધ ભાગોમાં પણ વરસાદ થયો હતો. જો કે, આજના વરસાદથી કોઈ જગ્યાએ કોઈ નુકસાનના અહેવાલ મળ્યા નથી. અકસ્માતોના કેટલાક બનાવો બન્યા હતા પરંતુ આ બનાવ નજીવા પ્રમાણમાં હતા. પ્રિ મોનસુનની સ્થિતિ હજુ પણ જોવા મળી રહી છે. બીજી બાજુ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ વિવિધ પગલા લેવામાં આવી ચુક્યા છે. કોઈ જગ્યાએ પાણી ન ભરાય તેવા આયોજન થઈ રહ્યા છે પરંતુ ખાડા અને ગાબડાવાળા વિસ્તારોમાં લોકોને તકલીફ પડે તેવી દહેશત છે. કોર્પોરેશન દ્વારા મોનસુનને લઈને પહેલાથી જ એક્શન પ્લાન તૈયાર કરી લેવામાં આવ્યો છે.








**૧ થી ૩૦ સેક્ટર માટે**
આપનું LED TV, LCD TV, Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો.
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬